# મેંદરડાના ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબની અદાલતમાં, મું.મેંદરડા.

ફોજદારી કેસ નંબર– ૩૯/૨૦૨૬
આંક :–

ફરિયાદી :– શ્રી સરકાર

// વિરૂધ્ધ//

આરોપી :– ભીખુભાઈ બચુભાઈ સોલંકી,
રહે. સાતવડલા, તા.મેંદરડા, જિ.જૂનાગઢ.

બાબત :– એમ.વી.એકટ કલમ–૧૮૫ તથા પ્રોહીબીશન એકટની કલમ– ૬૬ (૧)(બી) મુજબ.

==========================================================

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી કે.બી.ટાંક
આરોપી તરફે વિ. વકીલ શ્રી આર.એમ.બલોલીયા

==========================================================

## // ચુ કા દો //

(૧) આ કામના આરોપીએ તા.૦૪/૦૩/૨૦૨૬ ના કલાક ૨૦/૪૫ વાગ્યે મેંદરડા સાતવડલા ચોકડી પાસે રસ્તે ઉપર જાહેરમાં ગે.કા. વગર પાસ પરમીટે કેફી પીણું પીધેલી હાલતમાં પોતાના હવાલાની હિરો હોન્ડા કંપનીની સી.ડી.ડીલક્ષ જેના રજી. નં. જી.જે.–૧૧–સી.કે. ૬૬૬૭ વાળી ચલાવી મળી આવી ગુન્હો કરેલ તે મતલબની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમા નોંધાવતા, ગુનો નોંધી, આરોપીને અટક કરેલ. તપાસના અંતે ઉપરોકત ગુનાનુ ચાર્જશીટ આ કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી સારુ રજુ કરેલ છે.

(૨) હાલના આરોપી અદાલત રુબરુ હાજર રહેલા અને તેઓને પોલીસ પેપર્સની નકલો આપેલ અને આરોપીની પ્રથમ આંક–૪ થી પ્લી રેકર્ડ કરેલી. જેમા આરોપીએ ગુનો કબુલ કરેલાનુ જણાવેલ અને તે મતલબની આંક–૩ થી કબુલાત પુરસીસ રજુ કરેલ છે અને જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે તેમને ગુનો કર્યાનો પસ્તાવો છે અને આરોપી ગરીબ પરિસ્થિતીના છે. જેથી હળવી સજા કરવા રજુઆત કરેલ છે.

(૩) આજરોજ અદાલતમા આરોપી તરફેની રજુઆત ધ્યાને લેતા અને કેસનુ રેકર્ડ ધ્યાને લેતા આરોપી તરફેની કબુલાત ધ્યાને આરોપીનો પ્રથમ વખતનો ગુન્હો હોય તેવુ જણાઈ આવે છે. આરોપી સ્વેચ્છાએ કબુલાત કરે છે અને સદરહુ કબુલાત બીનકેફે કે કોઈ ગેરરજુઆત વગર

કરવામાં આવેલ છે તેવુ જણાઈ આવે છે. આરોપી તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે તેઓને ગુન્હો કર્યા અંગેનો પસ્તાવો છે અને હવે બીજી વખત આવા પ્રકારનો ગુન્હો નહી કરે તેવી ખાત્રી આપતા હોય જે ધ્યાને લેતા આરોપી એ જે કબુલાત આપેલી છે તે સ્વૈચ્છિક હોય તેવુ જણાઈ આવે છે. આ કામે મોટર વ્હીકલ એકટ કલમ–૧૮૫ માં છ માસ સુધીની સજા અને રૂા.૧૦,૦૦૦/– સુધીનો દંડ તથા ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧)બી માં વધુ માં વધુ છ માસની સજા અને ૧૦૦૦/–રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. આરોપી એવી રજુઆત કરે છે કે અમોને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા વિનંતી છે અને અમને વધુ જેલમાં રાખવામાં આવશે તો તેમના પરિવારજનોનુ ભરણપોષણ થઈ શકે તેમ નથી અને તેમને ઓસીયાળુ જીવન જીવવાની પરિસ્થિતી ઉપસ્થિત થાય તેમ છે. જે તમામ સંજોગો અને હકીકત ધ્યાને લેતા ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

(૧) આ કામના આરોપી ભીખુભાઈ બચુભાઈ સોલંકી, રહે. સાતવડલા, તા.મેંદરડા, જિ.જૂનાગઢ વાળાને બી.એન.એસ.એસ.–૨૭૫ અન્વયે મોટર વ્હીકલ એકટની કલમ– ૧૮૫ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) તથા પ્રોહીબીશન એકટની કલમ– ૬૬(૧) બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/–(અંકે રૂપીયા સો પુરા) એમ મળી કુલ રૂા.૧૧૦૦/– (અંકે રૂપીયા એક હજાર એકસો પુરા) ના દંડની સજા કરવામાં આવે છે. આરોપી જો દંડની રકમ ન ભરે તો દિવસ–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૧૪ મી, માહેઃ માર્ચ, સને–૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમા વાંચી સંભાળવી જાહેર કર્યો

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬.
સ્થળ :– મેંદરડા.

**( કૃષ્ણ સિંહ રાઠૌર )**
ન્યાયીક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ,
મેંદરડા.
U.I.Code No.GJ001638

**એમ. એમ. નં. તા.૧૪/૦૩/૨૦૨૬ થી રુપીયા ૧૧૦૦/– દંડ વસુલ લીધો.**

**તા.૧૪/૦૩/૨૦૨૬**

**રજીસ્ટ્રાર**
**જયુડી. મેજી. ફ. ક.કોર્ટ,**
**મેંદરડા**